ડા. બાલાભાઇ કેલેન્ડર.

અને

શિશુરક્ષકના સરક્યુલર.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

જાની દોલતરામ વિ. પ્રાણશંકર.

શિશુરક્ષક ફંડના વ્યવસ્થાપક અને માલીક.

વીલામ ઓફીસ પાટણ.

આવૃતિ પહેલી પ્રત ૨૦૦૦.

અમદાવાદ.

રાજનગર ટાઈપ ફાઉન્ડરી પ્રીંટીંગ પ્રેસમાં.

જેસંગભાઇ મુળજી પટેલે છાપ્યું.

ઇ. સને ૧૯૦૦ શાકે ૧૮૨૨ સંવત ૧૯૫૭

કીંમત એક આનો.

પોસ્ટેજ માફ.

विनंती पत्र.

પાટણ લીલામ ઓફીસ.

તા ૬ માહે નવેમબર સને ૧૯૦૦ સોમવાર.

નેકનામદાર રાવબહાદુર સિવિલસર્જન.

ડા બાલાભાઇ મગનભાઇ નાણાવટી

સાહેબ.

આપ આ પ્રાચીન પાટનગર (પાટણ) માં કેટલોક વખત મજકુર હુદ્દા ઉપર રહી દુષ્કાળ અને મરકી જેવા દુ:સહ પ્રસગે તન, મન અને ધનથી અનેક સદ્‌ગુણો સાથે અત્રેની અને બહારની પ્રજાને પણ અવર્ણિય મદદ કરી છે તથા ગરીબ તવગર સર્વની ઉપર સમ દ્રષ્ટીથી મેળવેલા પ્યારની નીશાનીમા આપની પ્રમોશન સાથે હાલ (વડોદરે) બદલી થતા જૂદા જૂદા ગ્રહસ્થો તરફથી અનેક મેળાવડા થતાં છેવટ આજના મહાજન સમસ્તના મેળાવડામાં મેં તૈયાર કરી જણાવેલા (ભૂત, વર્તમાન અને ભવિષ્ય માટેના ઇગ્રેજી) કેલેન્ડર સાથે આપનુ પવિત્ર નામ જોડવા પરવાનગી આપી મને આભારી કર્યો છે જેથી આ સાથે જોડેલા તે કેલેન્ડર સાથેનું આ લઘુ પુસ્તક આપની સેવાના રજુ કરૂંછું તે સ્વિકારી હું રંક સેવકને કૃતાર્થ કરશો હાલ એજ વિનતી

સુ. પાટણ. (ગુજરાત.) લીલામ ઓફીસ.

આપનો કૃપાભિલાષી
જાની દોલતરામ પ્રાણશંકર.
શ્રીશિશુરક્ષક ફંડનો વ્યવસ્થાપક અને માલીક.

ડા. બાલાભાઈ કેલેન્ડર.

“પાટણ સિવિલ સર્જન ડા બાલાભાઈ' મગનભાઈ નાણાવટીના બડાદરે મહેલી થયા તેમના

“ ભૂત વર્તમાન અને ભવિષ્યની કોઇપણ સાલ માટે

(તૈયાર કી સને ૧૯૦૦ આખર)

કોઠો નં ૧ કોઈપણ ઇસ્વી સનેની શરુઆતનો વાર*

वार ०	१	२	३	सने														
सो	श	गु	भो	१	७	१८	*२४	२९	३५	४६	*५२	५७	६३	७४	*८०	८५	९१	[illegible]
भो	र	शु	बु	२	*८	१३	१९	३०	*३६	४१	४७	५८	*६४	६९	७५	८६	*९२	९७
बु	सो	श	गु	३	१४	*२०	२५	३१	४२	*४८	५३	५९	७०	*७६	८१	८७	९८	[illegible]
गु	भो	र	शु	*४	९	१५	२६	*३२	३७	४३	५४	*६०	६५	७१	८२	*८८	९३	९९
शु	बु	सो	श	१०	*१६	२१	२७	३८	*४४	४९	५५	६६	*७२	७७	८३	९४	*००	००
श	गु	भो	र	५	११	२२	*२८	३३	३९	५०	*५६	६१	६७	७८	*८४	८९	९५	જા
र	शु	बु	सो	६	*१२	१७	२३	३४	*४०	४५	५१	६२	*६८	७३	७९	९०	*९६	ની.

ચોપાઇ.

* જે સૈકાપર પહેલી સાલ। ચારે ભાગી શેષ નિહાલ ॥
ભૂમીએ શની શન્યે સોમ। નયને ગુરુ અગ્નિએ ભોમ ॥ ૧ ॥

ડા. બાલાભાઈ કેલેન્ડર. (ચાલુ)

कोठो नं २ चोपाई

પહેલામાં જે સનનો ભાગ । બીજે આડી આધ વિચાર ॥
માસ પછી ક્રમથી તારીખ । દોલત કહે જોવાની રીત ॥ ૨ ॥

मास.					वार.							तारीख				
૧	૧૦	*૧	*૪	*૭	सो	मो	बु	गु	शु	श	र	૧	૮	૧૫	૨૨	૨૯
૫				*૧૦	मो	बु	गु	शु	श	र	सो	૨	૯	૧૬	૨૩	૩૦
૮	દો	પ્રા	જો	*૫	बु	गु	शु	श	र	सो	मो	૩	૧૦	૧૭	૨૪	૩૧
૨	૩	૧૧	*૨	*૮	गु	शु	श	र	सो	मो	बु	૪	૧૧	૧૮	૨૫	पारुण N G
૬	*હોયતો તે		*૩	*૧૧	शु	श	र	सो	मो	बु	गु	૫	૧૨	૧૯	૨૬	
૯	૧૨	વા મહી	[illegible]	*૬	श	र	सो	मो	बु	गु	शु	૬	૧૩	૨૦	૨૭	
૪	૭	ના જોવા	*૯	*૧૨	र	सो	मो	बु	गु	शु	श	૭	૧૪	૨૧	૨૮	

ચોપાઇ.

સૈકા જ્યાં જ્યાં પૂરો થાય । ભાગ ચારમાંથી પરખાય ॥
શેષ નહીંતો ચિન્હ વિચાર । શેષ રહે ત્યાં ઇંકડ ધાર ॥ ૩ ॥

શ્રી શિશુરક્ષક ફંડના
સરક્યુલર.

વિભાગ ૧ લો.

હેતુ અને રચના.

આ આર્ય (ભરત) ખંડની પ્રજામાંનો ઘણો ખરો ભાગ ધંધા રોજગાર વગર હાલમાં હેરાન થઇ દીન પ્રતિદીન વિશેષ ગરીબાઇમાં આવવાનો સંભવ છે અને તે સબબે વિચાર કરતા સાક્ષર અને અનુભવીઓથી સ્પષ્ટ સમજાઇ આવ્યુ છેકે આ દેશમાં કારજવરા અને બીજા એવાજ રાક્ષસી ખર્ચના ફરજીયાત રિવાજોથી દેશી લોકો પાયમાલ થયા છે અને તેમા " લાબાની વાહે ટુકો જાય ત્યાર મરેયા માદો થાય " એ કહેનત મુજબ પોતે ગરીબ હાલતમાં છતા મિથ્યાભિમાન વડે ફુલણજી બની પોતાની સંપત્તી વીગેરેનો ક્યાસ આગળ પાછળનો વિચાર ન કરતાં તણાઇ મરે છે અને એ રીતે બદન હાલ હવાલ હાલતમા આવી જવાથી પોતાની પ્રજાને યોગ્ય રીતે તન મનની કેળવણી આપી શક્તી નથી યા તેમને સ્વતંત્ર ઉદ્યોગે વળગાડી શક્તી નથી પણ ઉલટા તેમને દેવાદાર સ્થિતિમા મૂકી જાય છે તેવાઓને માટે શાસ્ત્રમાં કહ્યું છે કે—

શ્લોક.

ऋण कर्ता पिता शत्रु । माताच व्यभिचारिणी ॥
भार्या रूप वती शत्रु । पुत्र शत्रुऽपंडिताः ॥ १ ॥

વળી. **माता शत्रु पितावैरी । येनबालोन पाठ्यते ॥**
सभा मध्ये न शोभंते । हंस मध्ये बकोयथा ॥ २ ॥

ભાવાર્થ કે–છોકરાંઓને જે મા બાપ ભણાવતાં નથી અને દેવું કરે છે તે બને રીતે છોકરાંનાં માતા પીતા નહીં પણ તેનાં ખરેખર શત્રુ છે. અને મૂર્ખ છોકરાં તે તેમનાં મા બાપનાં શત્રુ છે.

બધુઓ ઉપર મુજબ હકીકતના ખરાપણા માટે સર્વેને ખાત્રી થએલીજ છે અને તેના પરિણામમાં હાલ આપણા દેશમાંથી ઉદ્યોગ અને હુન્નર ઘણે અંશે નાશ થઇ ચુકયો છે અને તે એટલે સુધી કે આપણે હરઘડીએ વાપરવાની ઘર ખાનગી ઉપયોગની, પહેરવાની અને કેટલીક ખાવાની ચીજો વીગેરેનો આધાર માત્ર પરદેશી બનાવટ ઉપર આવી રહ્યા છે અને વખતે તેવી ચીજો ન મળતાં તે વિના માત્ર હેરાનગતી ભોગવ્યા વિગર બીજો કાંઇપણ ઉપાય કામે લગાડવા શકતીવાન નથી. અને એ રીતે પરદેશી માલનું દેશમાં પેસાણ ફરજીઆત થવાથી ખર્ચના બોજા વધી ગએલા છે. દેશમાં ધંધો રોજગાર રહ્યો નથી. જેથી હાલની પ્રજાનો ઘણોખરો ભાગ માત્ર નોકરી કરનાર થઇ પડયો છે અને ઉત્તરોત્તર દેશની પ્રજાનું વલણ તે તરફ વિશેષ ખેંચાતુ રહેવાથી વખતે ગમે તેવા હુંશિયાર માણસને પણ પોતાના ગુજરાન પુરતી નોકરી મળવી પણ મુસ્કેલ થઇ પડી છે તે ઉપરાંત નોકરી મેળવવાને લાયક થવામાં હમેશ જૂદી જૂદી અને નવી નવી પરિક્ષાઓ નીકળતી રહે છે અને તે પસાર કરતા છતાં પણ કેટલાક તે આશામાં ફળીભૂત થતા નથી એ ઘણાકજણને અનુભવથી સિદ્ધ થએલુ હું માનુંછુ તેથી તે બાબત અહીં વધારે લખવાની જરૂર નથી પણ કહેવાને રજા લઉંછું કે.

આપણીજ અસલ કહેવત છે કે—

उत्तम खेती मध्यम वेपार कनिष्ठ नोकरी ने नादान भीख

એ મુજબ જ્યારે આપણો દેશ લગભગ કનિષ્ટ પદ્ધિએતો પહોંચ્યો છે ત્યારે જો તેને માટે કંઇ પણ ઉપાયન યોજવામાં આવે-તો આગળ શું સ્થિતિ થાય તે વાંચકોજ વિચારશો.

જુઓ કે આપણા દેશમાં બીજા દેશોના મુકાબલે જમીન ઘણીજ ફળદ્રુપ અને રૂતુને માફક છે અને આપણો દેશ ઘણાક વખતથી પરદેશી પ્રજાને ખોરાક પહોંચાડે છે અને તે ધંધામા પુષ્કળ નફો છતા હાલ કેટલીક ખેડુત અને કારીગર પ્રજાના ઉછરતા જુવાનીયા પોતાના ધંધામાં ના પસંદગી બતાવી માત્ર નોકરી કરવા મંડી પડ્યા છે તે સબંધે એક કવિએ કહ્યુ છે કે.

સવૈયા.

"આજકાલના જુવાનીયાઓ, ભણી ગણી પરવારે ભાઈ.
માગે ટેબલ ખુરશી કાગળ, કલમો ખડિયા ભરી શાહાઇ.
મેંઢાંનાં ટોળાની માફક, ચાલે એક તરફ વસડાઈ;
ધંધા ઉપર ધુળજ વાળી, મરે ચાકરીપર પછડાઈ,"

વીગેરે વીગેરે ઘણી લાંબી અને અસરકારક કવિતા છે પણ યાદ ન હોવાથી લખી નથી પરંતુ ખરેખર તે કવિતા કહ્યા મુજબ યથાર્થ છે.

વળી હાલમાં આપણા લોકોમાં એવો પણ પ્રચાર શરૂ પડ્યો છે કે દેશી ઉદ્યોગ ગમે તેવો પેદાશવાળો અને સુખનો છતા મેહેરબાન, માસ્તર, સાહેબ, કલાર્ક સાહેબ વીગેરે કહેવરાવવાના મોટું માન સમજે છે અને ઘણાક પાટીદારો અને બીજા ખેડુતો તથા કારીગરો વીગેરે શાળા ખાતામાં અને એવાં બીજા ખાતાઓમા હલકા પગારમાં અને પરદેશમાં હેરાન થવા છતા પોતે પોતાના ધંધામાં દુર્લક્ષ કરે છે અને ઘેર ચાલુ ધંધામાં જોઇતાં માણસોને પુષ્કળ ખર્ચથી ભાડે રાખવાં પડે છે અને ટુંકા પગારમાં ગુજરાન ન થતા વખતે ઘેરથી મગાવવાની મે. માસ્તર સાહેબને જરૂર પડે છે પરંતુ બંધુઓ નામદાર હાલની દયાળુ સરકારની કૃપાથી લોકોનુ વલણ પોતાની પ્રજાને કેળવવામાં વિશેષ દોરાયું છે એ તો નિઃસંદેહ

છે અને સાક્ષર ગ્રંથકારોને હસ્તકે લખાયલાં ઉપદેશક પુસ્તકો જાહેર વક્તાઓનાં ભાષણો અને અનુભવી નાટકકારોથી અપાતા પ્રત્યક્ષ ચીતારોથી પ્રજા દીનપ્રતિદીન સુધરવાનો સંભવ છે પરંતુ ઉપર મુજબ વિચારમા ચાલુ કેળવણીથી સુધારો થવાના વિચાર પહેલા આપણે જાણવુ જોઇએ કે ગમે તેવી કેળવણી લેઇ વિદ્વાન થયા છતા બાલ-થીજ તેની કદર થતી નથી તે આપણે જાણીએ છીએ અને તે લીધેલી કેળવણીનો સ્વતંત્ર ઉપયોગ કરવાનુ સામર્થ્ય ન રહેવાનુ પણ આપણે જાણી ગયા છીએ અને એ બે કારણથી હાલની કેળવણી પામની તથા મોટી મોટી ડીગ્રીઓની પરિક્ષાઓ પસાર કરેલી પ્રજા-ની સ્થિતિ પણ આપણે પ્રત્યક્ષ અનુભવથી સિદ્ધ થએલી છે અને એમ થવાથી કેટલાક અજ્ઞાની લોકો કહે છે કે " ભણે તે ભીખ માગે, રમે તે રળીખાય અને લખે તે લાકડા ચીરે " એવા એવા બાગ વચનો હાલ શ્રુતિસ્મૃતિનાં વાકયથી પણ વિશેષ સિદ્ધ થએલા છે ઉપરની દરેક બાબતોનો વિચાર કરવાની ખાસ જરૂર છે અને તે મા દોષ તે વિદ્યા ભણનારનો, કે વિદ્યા ભણાવનારનો કે ચાલુ વિદ્યાનો કે હાલની પ્રજાનો એ વીગેરે સમસ્ત બાબતોમાથી ગુણ દોષની ખાત્રી કર્યા બાદ આગળ ઉપાય શોધવાની જરૂર છે અને તે સિવાય આગળ પાછળનો વિચાર કર્યા વગર ભરેલાં પગલાંથી પાછળથી ઘણા-જ પસ્તાવાનું કારણ થઇ પડે છે.

જુઓ કે હાલમા લોકોની ઉપર મુજબ દયાજનક સ્થિતિ છતા કાર જવરાનો ચાલુ બોજો બારે ન પડવા વીગેરે માટે. જુદી જુદી જાતના જૂદી જૂદી રીતના અને જૂદી જૂદી બાબતોના વીમા ઉતરવાનો પ્રચાર લોકોમાં પડી ગયો છે તેમાં અનેક દેશીઓ દાખલ થાય છે. તેમ અનેક જણાઓ તેવી નવીન યોજનાઓથી નવા નવા નામની કંપનીયો હંમેશાં કાઢાડયા કરે છે. વળી લોકો એમ સમજે છે કે વીમા

કંપનીઓ કરવામાં મોટું માન અને વીમામાં દાખલ થવામાં મોટો નફો રહેલો છે અને એ સમજથી ઘણી કંપનીયો હાલ નીકળી છે અને ઘણા મેમ્બરો તેમાં દાખલ થયા છે અને થાય છે. અને એમ થવાથી કંપની કહાડનારાઓ સારૂં પેદા કરે છે એ બીજા લોકો જુએ છે ત્યારે બીજા પણ તેવું મન કરી નવી કંપની ઉભી કરે છે અને પ્રતિષ્ઠીત અને આબરૂદાર એવા પોતાના લાગતાવળગતાઓને સરસીશારસથી તેમા વ્યવસ્થાપક અથવા ડાયરેક્ટર વીગેરે થવા કહેતાં કાંઇ વગથી અને કાંઇ વગર મેહેનતે વગર જોખમે મોટા સાહેબ કહેવરાવી ખુરશી ઉપર બેસી લાંબી લાંબી સહીઓ ઘસડવાની હોવાથી અને જાહેર ખબરો (પ્રોસ્પેક્ટસો) વીગેરેમાં વગર પૈસે નામ પ્રસિદ્ધ થવા ઉપ-રાત મોટી મોટી રકમની ફી મળવાની લાલચે તેઓ કબુલ થાય છે અને એવા મોટા પૈસાવાળા અને આબરૂદાર અને પ્રતિષ્ઠીત ગ્રહસ્થોના નામના છાપાં બહાર પડવાથી અને નામદાર સરકારે રજીષ્ટર કર્યાથી પૂર્ણ ભરોંસો રાખી લાંબી લાંબી આશાઓ બાંધી ઘણા લોકો મેમ્બર થાય છે વળી મોટાં મોટાં પ્રોસપેકટસો અને છાપાંથી જાહેરાત આપ-વામાં આવે છે કે આ કંપનીમાં ઓછામાં ઓછો આટલો લાભ તો આપવામાં આવશે અને કદાચ તેવો લાભ ન મળે તો “ ગેરંટી ફંડમાથી ” અંબોરીને પણ પુરાં કરી આપવામાં આવશે વળી થોડો વખત કંપની ચાલતાં પાધરી પહેલી વહેંચણી પડતાં મેમ્બરને આપેલા લાભનાં હજારો અને લાખો છાપાં લોકોને લોભાવવાની પ્રેરણા તરીકે જાહેર વહેંચવામાં આવે છે અને એ જોઇ જેનો વિચાર હશુપચુ હોય તેવા અને બિલકુલ વિચાર ન હોય તેવાઓની પણ તુરત પોતા-ની યા પોતાના ઘરડાની યા કંપનીનો ધારો હોય તે પ્રમાણે જે મે સબંધીઓની જથ્થાબંધ અરજીએ ડીપોઝીટ દાખલ થઇ પૈસા ભરવા તૈયાર થાય છે જેથી નવા મેમ્બરોનો પુષ્કળ વધારો થવાથી

કંપનીના અમલદારો અને લાગતા વળગતાઓને પારકે પૈસે દીવાળી થયા કરે છે અને મેમ્બરોમાં હકદાર થનારાઓને ઓછો વધતો નફો મળ્યા કરે છે પણ કોઇક વર્ષે ફાકું પડતાં નવા મેમ્બરો ન વધવાથી અને જુનામાં વધારે હકદાર થવાથી જરૂર પડે તો ગેરન્ટી ફંડમાંથી ઉપાડીને પણ નાણાંનો કરેલો હલકામાં હલકો કરાર બનતાં સુધી તે હકદાર થએલાઓમાં પાળે છે અને તેમ ન બને તો વધારે મરી ગવા તેમા કોઇ શું કરે ! ઓછા મુઆ હત તો વધારે મળત વીગેરે બા-ના બતાવી જમ તેમ ચાલે ત્યાં સુધી ગાડું ચલાવ્યા કરે છે અને એ રીતે કરતા પણ છેવટ ખરૂં પોકળ જાહેર થવા વખત આવે છે એટલે વિશેષ ઠરાવ કરી કેટલાક કરારો ફેરવીને પણ કંપની આગળ ચલાવવા તેઓ કોશેષ કરે છે પણ એકે રીતે ફાવવા જેવું ન હોય ત્યારે કંપની બંધ કરવા મેમ્બરોને સમજાવે છે, ફરજ પાડે છે અને તેમ છતા એ રીતમાં ન ફાવે તો તે સર્વે રાજીનામા આપી અલગ થઇ જાય છે. તેથી પણ મેમ્બરો ખરાબ થાય છે અને જો તેમ ન થાય તો કંપનીનું કામ બંધ કરી લોકો (મેમ્બરો)ને રોવરાવી પોતે નિર્દોષ ઠરે છે અને એ રીતે થતા મેમ્બરના ભરેલા પૈસાનો ઘણી વ-ખતે કાંઇ બદલો ન મળતાં વખતે કોઇ કોઇવાર તો 'ખાતર ઉપર દીવેલ " ની માફક મેમ્બરો પાસેથી મેમોરેન્ડમનાકરાર પ્રમાણે નુકશાની વસુલ કરવામા આવે છે એવા દાખલા હાલમાં ઘણાઓના અનુભવ વામા આવી ગયા છે અને એ ઉપરથી હાલમાં લોકો શેર, વીમાવા કંપનીનું નામ સાંભળી એકદમ ગાભરા બની જાય છે અને એવા સીધારસ લઇ જનાર તે ગમે તેવો ભરોસાદાર છતાં ઉલટો ઠપકો વા વખતે ગાળો પામે છે માટે ઉપરના બોલોના બ્યાજથી પણ માટે ઘણા લોકોને ખાત્રી થએલી છે એટલે તે વીશે હાલ વધારે લખા જવા રોકવા ચહાતો નથી, પણ એ વિષે એટલુંજ કહેવા માગુ છુ

ક આવી રીતે કંપનીઓ ડુબવાનાં કારણો નીચે પ્રમાણે છે ૧ ક-પનાના બધારણમાં ઉત્પન્ન અને ફરાગતો કાંઇ હીસાબ વા ધડો ન રહેવાથી ૨ સરવૈયા જે રીતે તારવવા જોઇએ તે રીતે ન તારવતાં ઓડીટરો અને મેનેજરોની સગતિથી ખોટા અને મોટા નફા બતલાવવામાં આવ્યાથી, ૩ સઘળા મેમ્બરો અને ઘણે ભાગે ડાયરેક્ટર વીગેરે પણ કાયદા અને હીસાબના અજાણ્યા હોવાથી અને ૪ આપણા દેશી લોકોના અનહદ લોભ અને બે દરકારપણાથી ઉપરના પરિણામ આવેલા છે એ નિર્વિવાદ છે અને તે બાબત હીસાબી બાબતોમેના મારા આ કહેણના ખરાપણા માટે નામદાર સરકાર અથવા કોઇ કંપનીવાળા વા બીજા જે કોઇ પુરાવો માગશે તેને બતાવી આપવા સેવક તૈયાર છે

દોહરા.

ઉદભવતી વર્ણી આલતી, ભાગી ગઇ અનેક.
વીમા કંપનીઓ તણો, ખ્યાલ કર્યો ધરી ટેક.
દેશી પરદેશી અને, બૂડી થાયણ થોક,
અન્ય વા અવધી થયે નાણા પણ દે રોક

સરવૈયે સરક્યુલરે જણાય જબરો લાભ,
ખપથી હિસાબ ખોળતા, અંતર ઘરની આભ:

સઘુ રજીસ્ટર જાણતા, સર્વે થતા સામેલ.
એકટ આજણના મેમ્બરો, કાર્યભારી કાબેલ

પગારે પોકળ જે ઘડી, છોનેર છે તૈયાર
છેતરનારા છૂટતા, મેમ્બરને શીર માર

લાખો આશે જઇ ભર્યા. નાણા તે સૌ ધૂળ,
અન્ય ખોટ આપો કહે, એથી શું મહા શૂળ

નફો બહુ લઇ ખોટ પણ, જબરી સજ્જન જાણ.
કાયો અહાર કરે ઘણો આવતો તેહ પ્રમાણ,
પેખો પુખ્ત વિચારથી, દીસે ખુબ નવાઇ,
દોલત ઝાઝું શું કહું, સાને સમજો ભાઇ

આમુજબ ઉપરની રીતે અદ્યાપ સુધીમાં દરેક રીતે દેશીઓ લુ-ટાયા છે અને લુટાય છે પણ કહેવત છે કે "લોભીઆ વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે" તેમ આપણા દેશમાં ઉપર કહ્યા પ્રમાણે દાવસા દીવસ સુખનો સૂર્ય અસ્ત થતાં દરિદ્રતા જ્યાં ત્યાં પ્રકાશવા લાગી છે છતાં લોકો પોતાનો ચાલુ (રૂઢીનો) દુરાગ્રહ છોડતા નથી અને એ કારણથી લોભનો થોભ ન રહેતા ઠગારાઓ ફાવ્યા કરે છે ત્યારે વિ-ચાર કરવાનો માત્ર એટલોજ રસ્તો છે કે હાલની પ્રજાને ઘણી ત-મતથી કારજવરા વીગેરે અટકાવવાના બોધ કરવાને ઘણાક સાક્ષરો, લેખકો અને વિદ્વાન નાટકકારો એક ચિત્તથી મંડ્યા છતાં અને સ-ભાગ્યથી કેટલીક બાબતે સફળતા થતાં છતાં લોકો તે તરફથી પોતાનું મન પાછું ખેંચતા નથી અને એ કારણથી દીર્ઘદર્શી, અનુભવી, વિ-દ્વાન અને બીજા કેટલાક યોગ્ય સ્વદેશ હિત ચિંતકોની સલાહ લેઇ અને એવી યોજના વડેલી છે કે હાલની પ્રજાનો કેટલોક ભાગ કે-ળવણી "વિદ્યા"ના પ્રતાપી બળથી ખરૂં ખોટું સમજવા લાગી છે અને આગળ ઉપર ઉછરતી પ્રજાને તે 'વિદ્યા દેવી'ની પ્રસાદી ચ-ખાડવાનો વિશેષ પ્રચાર થયો છે તો હવે બીજી બાબતનો તરફ લક્ષ ન ખેંચતા એટલોજ બાબત રહેલી છે કે—હાલની બાળક અને હવે પછીની પણ ઉછરતી પ્રજા પોતાના વડીલોના હાલના ચાલુ રિવાજ મુજબ યોગ્ય કેળવણી લેઇ પોતાની તનમનની શક્તિ કેળવી શકે છે પણ તેમને યોગ્ય (પુખ્ત) ઉમરે આવતા પોતે લીધેલું જ્ઞાન અને અનુભવ નિરર્થક ગુમાવી માત્ર (નોકરી) પરતંત્રતામાં પડી રહેવાની ફરજ પડે છે તે ફરજથી તેઓને મુક્ત કરવા માટે તેમનાં વડીલોની ગમે તેવી (ગરીબ) સ્થિતિ છતાં તેઓની યોગ્ય મદદ અને કાળજી વડે તેમણે મેળવેલું જ્ઞાન અને તે વડે તન અને મનના કેળવાયલી શક્તિને ધનનો ટેકો મળતા તે ત્રિપુટી ભેગી થતા તે સર્વેના સામા-ન્ય ઉપયોગ વડે સ્વતંત્રતાથી પોતાનું આખું જીવતર સુખમાં ગાળી

પોતાની પ્રજાને અને લાગતા વળગતાઓને સુખી કરી શકે અને એમ થતાં દીન પ્રતિદીન આ દેશની જ્ઞાન અને ઉદ્યોગની શું સ્થિતિ થાય તે વાંચક પોતેજ વિચારશો.

વળી તેને માટે ખાસ શિશુરક્ષક નામનું ફંડ સ્થાપી તેની જે ગોઠવણ કરી છે તે નીચે પ્રમાણે "માત્ર સાર"

દોહરો.

દેશી રૂઢી કારમી, અનેક ચાલ કુચાલ
સુધારવા યત્નો કર્યે, ફોકટ જાતા હાલ.
જે બાળક છે હાલનાં, વળી ઉપજે જેહ.
ખંત થકી સૌ કેળવે, માબાપો ધરી સ્નેહ,

બાકી ઉંમર તેમની, થાતા તનમન સાથ,
શિશુરક્ષક ધન અર્પતાં, સુખિયા થશે અનાથ.
વિદ્વાનોના બહુ મતે, કર્યા નિયમ તૈયાર,
ઓગણીસેને એકથી, અમલ થશે નિરધાર
શિશુરક્ષક રચતા પ્રથમ, અનુભવ કર્યો વિશેષ
વધઘટ મેમ્બરની થતાં, આંચ ન આવે લેશ

નહિ લાગ કંઇ નીકળે, મેમ્બરનો હરબાલ
સર ભરતો માલીક સહે, કરી કોલને પાલ
અશક્તિ વા બાળક મુવે, ભરી રકમ ના જાય,
યુક્તિથી સૌ નિયમને, શોધ્યે સ્પષ્ટ જણાય;

ફેરવવા ધારા નકી, જો પડશે કોઇકાળ
જુના મેમ્બરને, નહીં આવે તેની આળ,
આભ પડ્યે ધરતી ગળ્યે, રાજક દૈવત થાય;
તો કર્તા દોશીત નહીં, તેથી કદી ગણાય

સમય નડે એવો કદી, આ ટપવું સૌ કામ,
વર્ણી નિયમ તે વખતના, લહેશો સૈવા ઠામ;
સંક્ષેપે મહિમા કહ્યો, સમજ્યેથી સુખ થાય.
અજ્ઞાનીને માટ શો? દેશનો ઉપાય,

ઉપરના સાર ઉપરથી અને આ સાથે બતાવેલા મુખ્ય નિયમો- થી આ "શિશુરક્ષક" ફંડની ખાત્રી થશે માટે સર્વ કોઇ તે જોઇ તપાસી વિચારીને પોતે તથા પોતાના આસ વર્ગમાં તે વિષે પોતાનો અભિપ્રાય આપીને પણ યોગ્ય મદદ કરવા નહીંજ ચુકો એવી આ નીચે સહી કરનારની ખાત્રી છે **सुज्ञेषुकिं बहुना.**

આ શિશુરક્ષક ફંડના નિયમો ઉત્સાહ પુર્વક તાકીદે બહાર પા- ડવા મારા પ્રિયમિત્ર પાટણ નિવાસી જડીયા કસનલાલ છગનલાલે મને સપુર્ણ મદદ કીધાથી તેમનો અત્રે અત્યંત આભાર માનુછુ.

તારીખ ૨૮ માહે નવેમ્બર ૪ સને ૧૯૦૦

મુ પાટણ સીટાન ઓફીસ.

લી. સર્વ દેશી બંધુનો કૃપાભિલાષી
જાની દોલતરામ પ્રાણશંકર.
વ્યવસ્થાપક (માલીક) શ્રી શિશુરક્ષક ફંડ. પાટણ (ગુજરાત)

વિભાગ ૨ જો.

ફંડના મુખ્ય નિયમો.

૧ આખા હિન્દુસ્થાનમાં વસનાર કોઇ પણ માણસ કે જેની ઉમર વીસવા તેથી વધારે વર્ષની હશે તે આ ફંડમાં એક મેમ્બર તરીકે દાખલ થઇ શકશે. પણ મેમ્બર થવા ચહાનારે નીચેના નિયમ મુજબ ઓછામાં ઓછા એક બાળકનો વીમો ઉતરાવવો જોઇશે.

૨ વીમો ઉતરાવવો હોય તે બાળકને પુરૂ એક વર્ષ નહીં થયુ હોય ત્યાં સુધી અને એક વીશ વર્ષ પુરા થઇ ગયા પછી વીમો ઉતારવા લાયક ગણવામાં આવશે નહીં.

૩ ઉપર જણાવેલી ઉમરની હદ દર્મીયાનનાં એવાં ગમે તેટલાં બાળકોનો વીમો એકનો એક મેમ્બર પણ ઉતરાવી શકશે

અને એવા બાળકોને માટે જુદા જુદા સર્વ હકો તેને પ્રાપ્ત થશે. તેમ જુદી જુદી ફરજો લાગુ પડશે.

૪ ઠરાવેલા નમુના પ્રમાણે બાબદ આવેલી અરજ ઉપરથી મેમ્બરના લીસ્ટમા દાખલ થયેલા નામવાળો પ્રસમ બરાબર રીતે આ ફંડનો મેમ્બર થયો ગણાશે અને મેમ્બર તરીકેની સઘળી ફરજો તેને લાગુ પડશે.

૫ મેમ્બર થનાર પુરૂષ યા સ્ત્રી ગમે તે હશે તો ચાલશે પણ વીમો ઉતારવામા આવનાર બાળક તે છોકરોજ હોવો જોઇએ એટલે છોકરીઓનો વીમો ઉતારવામા આવશે નહી

વીમો ઉતરાવેલા બાળકને પુખ્ત ઉમરે આપવાની રકમ જે દાખલ અરજીમા જણાવવાની તે બાબત એવો નિયમ ગણવામા આવ્યો છે કે તે રકમ ૧૦૦) થી ઓછી અગર ગમે તેટલી મોટી છતા રૂ ૧૦૦) જેનો ભાજક થતા શેષ વધશે તેવી હશે તો તે મંજુર કરવામાં આવશે નહી એટલે વીમાની દાખલ કરેલી રકમ રૂ ૧૦૦) જેનો નિ:શેષ ભાજક થાય તેવી હોવી જોઇએ.

૭ વીમાની અરજી સાથે નીચે મુજબ રોકડ દાખલ ફી રજુ કરવી પડશે.

क વીમાના રૂ ૫૦૦) સુધી દર સેકડે રૂ ૧) મુજબ જે થાય તે

ख સદર રૂ ૧૦૦૦) સુધી પ્રથમ રૂ ૫૦૦) સુધી ઉપર પ્રમાણે અને વધારા ઉપર સેકડે આઠ આના.

ग. સદર રૂ ૧૦૦૦) થી વધારે માટે પ્રથમ રૂ ૧૦૦૦) ના રૂ ૫) અને ત્યાર પછીના વધારાની રકમમાં પ્રત્યેક રૂ ૧૦૦૦) અથવા રૂ ૧૦૦૦) ની કોઇ ભાગ બાબત રૂ ૪) ચાર મુજબ

૮ પહોંચ લીધા સિવાય એજંટને અગર હેડ ઓફીસે પણ અરજી તથા પૈસા વીગેરે જે કાંઇ કોઇ આપશે તેનો જોખમદાર ન આપનાર પોતેજ છે

૯ દાખલ અરજી અને તે સાથે દાખલ ફી વીગેરે પણ આવ્યા છતાં કાંઇ અરજી ના મંજુર કરવા અમો મુખત્યાર છીએ અને તે ના મંજુર કરવાનું કારણ જણાવવા યા અરજી પાછી આપવા અમો બંધાએલા નથી પણ તે સાથે આવેલા અવેજ પાછા પહોંચાડવા જવાબદાર છીએ

૧૦ અરજી મંજુર થશે તેને દાખલ ફીની પાકી પહોંચ સાથે કાયદાસરના સ્ટાંપ કાગળ ઉપર સર્ટિફિકેટ આપવામાં આવશે અને તે સાથે એક પાસ બુક આપવામાં આવશે તેમાં વખતો વખત પોતાની પાસ લેણું થતા કોલ શરૂઆતમાંજ ભરી પહોંચ મેળવવી

૧૧ કોઇની પાસ બુક ખોવાશે યા નિરૂપયોગી થશે તો પહેલી વખત સિવાય બીજી દરેક વખતે રૂ ૦-૪-૦ ચાર આના લઇ બીજી પાસ બુક આપવામાં આવશે અને તે નવી બુકમાં તેના ખાતા ઉપરના પાછલા એકંદર આંકડો ચડાવી આપવામાં આવશે

૧૨ સર્ટીફીકેટ કાઢ્યા પછીના માસની પહેલી તારીખથી તેના ઉપર કોલ શરૂ થાય છે પણ તે શરૂ થએલા માસની તા ૧૫ મી સુધીમાં પોતાની અનુકુળતા મુજબ ગમે ત્યારે પહેલો કોલ ભરી શકાશે અને તે પૈસા એજંટને અગર હેડ ઓફીસમાં આપવામાં આવે એટલે તુરત પોતાની પાસબુકમાં પહોંચ કરાવી લેવી. અને તે પહોંચ મળ્યા છતાં હેડ ઓફીસથી તે નાણાંની પાકી પહોંચ તેને આખર માસ સુધી પહોંચાડવામાં આવશે છતાં તેમાં ઢીલ થાય તો મેમ્બરે તે વીષે યોગ્ય પુછ પાછ વીગેરેથી તજવીજ કરવી.

૧૩ ઉપર મુજબ જેના તરફથી કોલ ચડેલા માસની તા. ૧૫ મી

સુધી વસુલ નહીં આવે તેની પાસેથી નીચે મુજબ વિશેષ ચારે લેવાની ફરજ પડશે.

क તેજ માસની આખર સુધીમાં રૂ ૧) કે રૂ. ૦—૦—૩ મુજબ કટીજટ લેવાશે.

ख બીજા માસ આખર સુધીમાં ભરશે તેની પાસેથી ડબલ કટીજટ ઉપરાંત બે આના નોટીસ ફી લેવાશે.

ग ત્રીજા માસ આખર સુધીમાં ભરશે તો માસીક ફીના દરથી ચડેલી કુલ રકમ ઉપરાંત ત્રીપટ કટીજટ સાથે તેજ પ્રમાણે નોટીસફી અને રૂ ૦—૮—૦ આઠ આના દંડ લેવામાં આવશે.

घ ઉપર પ્રમાણે ચડેલા હપ્તાની તારીખથી ત્રણ માસ સુધી નુકશાની લેઇને પણ નામ ચાલુ રાખવામાં આવશે પરંતુ તે મુદત વીત્યે નામ કમી કરવામાં આવશે.

૧૪ કલમ ૧૩ નાં કારણસર કમી થએલાને તેમની ખુશીથી નવા મેમ્બર તરીકે દાખલ થવા હરકત નથી.

૧૫ ફાલ ભરવા માટે નીશાની અથી જે કોઠો બતાવવામા આવ્યો છે તેમાં દાખલ થતી વખતની વીમા વાળા બાળકની ઉમરના પ્રમાણુંમાં માત્ર રૂ ૧૦૦) ના વીમા માટે રેટ બતાવવામાં આવ્યો છે તેમા જૂદા જૂદા રેટ પૈકી પોતાને પસંદ પડે તે એકજ રેટ મુજબ પોતે ઉતરાવેલા વીમાના પ્રમાણમા વખતસર હપ્તાની શરૂઆતમાં ફાલ ભરવો જોઇએ.

૧૬ દાખલ થયા પછી વીમા વાળા બાળકની ઉમર વધવાથી ફીનો દર વધે છે એમ સમજવુ નહીં અને પોતે પસંદ કરેલી જૂદી જૂદી મુદતો માટે બતાવેલા રેટ પૈકી વખતો વખત ફેરફાર કરીને પણ પોતાની અનુકુળતાં પ્રમાણે મેમ્બર જે તે વખતના પોતાના હપ્તાની શરૂઆતમાં આગાઉથી સામટી ફી ભરી શકશે.

૧૭ નિયમને અનુસરીને હમાના હીસાબ સિવાય ઉચકર કમ લેવામાં આવશે નહીં તેમજ ગમે તેટલાં વર્ષની ફી અગાઉથી મેમ્બર પોતાની સવડથી ભરી શકશે પણ વાર્ષીક હમાના દરથી કાંઇપણ ઓછુ લેવામા આવશે નહીં

૧૮ કલમ ૧૩ ના કારણ સારૂ માસીક ફીના હીસાબથીજ ફોલ વસુલ કરવામાં આવશે

૧૯ પહેલો હમો ભર્યાની તારીખે વીમો ઉતરાવેલા બાળકની અરજીમા જણાવેલી ઉમરની વર્ષ ગાંઠ છે એમ ગણી તેને પુરા પચીસ વર્ષ થતા સુધી ફોલ ભરવો ચાલુ રાખી છે વટનો ફોલ ભર્યા તારીખે તેને હકદાર થએલો ગણવામા આવશે અને ત્યારથી વધારેમા વધારે ત્રણ માસ સુધીમાં ફંડના નિયમને અનુસરીને જે તે વીમા વાળા બાળકને વીમાનો હક (રકમ) અદા થશે

૨૦ જે બાળક માટે લાગટ ઓછામા ઓછા ત્રણ વર્ષ સુધી ફી ભરાઇ ચુકી હશે અને ત્યાર પછી કોઇ પણ વખતે મેમ્બર યા તેના લાગતા વળગતાઓની અશક્તાતાથી ફી ભરાય તેમ ન હોય તો તેના કારણ સારૂ અમને લેખી અરજી મળશે અને અમારી ખાત્રી થશે તો ત્યારથી તેની ફી લેવી મોકુફ કરીશુ અને તે બાળકનો આ ફંડમાં હક કાયમ રાખી તે હકદાર થએથી તેના તરફથી ભરાવી જોઇએ તેના પ્રમાણમા ભરાયલી ફીના વરાડે ફંડનો પુરે પુરો હક આપવામા આવશે.

૨૧ વીમાનો હક મેળવવા લાયક ઉમરનો થતા પહેલા કદાચ વીમો ઉતરાવેલા બાળકનુ મરણ થાય તો તે બદલ અમને તરત ખબર આપવી અને તે ખબર પહોચ્યા પછીનો ફોલ ભરવો બંધ કરવો, પણ તે બદલ અમને તેવી ખબર આપ્યાનો અને ફી બંધ કરવા વિષેનો દાખલો મેળવવો જોઇએ.

૨૨ કલમ ૨૧ પ્રમાણે ગુજરીજનાર જે બાળકની વીમા માટેની ફી તેને ગુજરતા સુધી ચાલુ રહી હશે અને અમારી પ્રસ્તાવગીથી તે પ્રમાણે મરણના સબબથીજ ફી ભરવી બંધ થઇ હશે તો, તેવા બાળકોને માટે ભરાયલા ફોક્ષની મુદ્દલ રકમ મરણની ખબર મળેલા વર્ષના વાર્ષીક રીપોર્ટ વખતે પાછાં આપવામાં આવશે.

૨૩ વીમા વીગેરે માટે આપેલુ સર્ટિફિકેટ કોઇ ખોશે અગર ફાડી નાખશે અગરતો રૂપયોગી કરશે તેથા અગર મેમ્બરના મરણ વીગેરે કારણે તે નવુ લેવાની અગર સુધરાવવાની જરૂર હશે તો જે તે કારણ માટે લેખી અરજી સાથે રૂ ૦—૮—૦ આઠ આના રજુ કરાશે તો તે પ્રમાણે કરી આપવામાં આવશે અને તે સિવાય મેમ્બર અગર બીજા કોઇએ તેમાં કાંઇ કરવુ નહીં

૨૪ કલમ ૧૯ અગર ૨૦ મુજબ લાભ લેનારને આ ફંડનો મેમ્બર થવાની ફરજ છે અને તે ફરજ અદા કરવા સારૂ તેને નિયમશર આપવાની રકમમાંથી તેની ભરાયલી દાખલ ફી જેટલી રકમ અનામત રાખવામાં આવશે.

૨૫ ઉપર મુજબ અનામત રહેલી રકમ વધારેમાં વધારે બાર માસ સુધી તેને મેમ્બર થવાથી મજરે મળશે પણ તે મુદત વીત્યે તે ઉપરથી તેનો હક રદ બાતલ જશે.

૨૬ કલમ ૧૯ તથા ૨૦ પ્રમાણે હક આપ્યા તારીખે અગર વીમા વાળા બાળકનુ મરણ થયાની તારીખે જે તે બાળક તરફના મુળ મેમ્બરનો હક રદ બાતલ થશે.

૨૭ જે મેમ્બરો ફોક્ષ ભરવા વીગેરેનો સબંધ શરૂથી અમારી મારફત (હેડ ઓફીસે) રાખશે તેણે છેવટ સુધી વખતો વખત હેડ ઓફીસે જાતે આવીને પૈસા ભરવા અને જે તે પહોંચો વીગેરે મેળવવી અગર પોતાના જોખમે (ખર્ચથી) તેવો સબંધ અવલથી આખર સુધી રાખવો જોઇએ.

૨૮ શરૂઆતથી, વચમાં અગર છેવટે પણ એજન્ટ માર્ફત સબંધ રાખનાર મેમ્બરના જે તે ગ્રાહકને કે તેને પોતાને નિયમને અનુસરીને કોઇપણ વખતે નાણાં અદા કરતી વખતે આ ફંડ સબંધે આવેલા નફાના પ્રત્યેક વર્ષે અને ઠરાવેલા વીમાના દર એકડે ૦—૮—૦ આઠ આના પ્રમાણે જે હીસાબ થશે તે એજન્ટ કમીશન તરીકે કાપી લેવામાં આવશે. આ સિવાય નિયમ વિરૂદ્ધ બીજી કાંઇ કપાત થશે નહીં અને કલમ ૨૭ મુજબ વટાવને માટે આ કપાત પણ થશે નહીં

૨૯ અમારી ખાસ લખી પરવાનગી મળ્યા વગર અગર તો મનાઇ હુકમ મળ્યા પછી જે કોઇ મેમ્બર કોઇ એજન્ટને નાણાં આપશે તેના જવાબદાર અમો નથી

૩૦ કોઇ મેમ્બરની બદલી વગેરે કારણે એકથી બીજા એજન્ટની હદમાં જવું પડશે અને આ એજન્ટની મદદ હશે તો પ્રથમના એજન્ટ મારફત તે નવી હદના એજન્ટ રીતસર નાણાં લેઇ શકે તેને માટે માગણી આવ્યેથી બંદોબસ્ત કરી આપશું પણ જ્યાં એજન્ટ નીમ્યા હોય ત્યાં તેને માટે ખાસ નવા એજન્ટ નીમવા વગેરે માટે અમો બંધાયલા નથી. અને તેવા પ્રસંગે ફંડ ઓફીસ સાથે સબંધ રાખવો

૩૧ ઉપર કલમ ૩૦ ના સબબ અથવા પોતાની નવી હદમાં એજન્ટ છે કે નહીં તેની ખાત્રી કરવા અને મજૂરી લાગવા વગેરે કારણે મેમ્બરને ઢીલ થઇ હશે અને તે બદલ અમારી ખાત્રી થશે તો કલમ ૧૩ ના કારણ માટે જે ફંડમાં જમે તે બતાવેલી મુદતમાં દર ૨૦ રોજ મુદતનો વધારો કરવા અમો મુખત્યાર છીએ.

૩૨ આ ફંડના મેમ્બર સિવાય બીજા માણસને એજન્ટ થવાનો અધિકાર નથી.

૩૩ આ ફંડનો સઘળો હીસાબ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે અને કલદાર નાણાનોજ સમજવો. અને જે તે ઇ. સનના જાનેવારીની તા. ૧લીથી ડીસેમ્બર તા. ૩૧ સુધીનું વર્ષ ગણી તેટલી મુદતનો વાર્ષીક હીસાબ તે પછીની સાલના માર્ચ માસ આખર સુધીમા તૈયાર કરી બહાર પાડવામાં આવશે.

૩૪ એજંટે પોતાની હદના મેમ્બર યા બીજા કોઇ સાથેના વ્યવહારમા પોસ્ટેજ ખર્ચ કર્યો હશે તે મજરે મળશે નહી તેમ મેમ્બર વીગેરેને તેમની સાથેના સબંધમાં તેવો ખર્ચ થવો જોઇએ નહી તે છતાં એક બીજાની કસુર યા ખાસ કારણે તેવો ફરજીયાત ખર્ચ કરવો પડશે અને તે બદલ અગર ફરિયાદ કરશે તો તે બાબતનો તપાસ કરી અમો જે નિરાકરણ કરીશું તે બંને પક્ષે કબુલ કરવુ પડશે

૩૫ ઉપર જણાવેલી બાબતો સિવાય મેમ્બર યા બીજા પણ હરકોઇ ઇસમ પાસે આ કંપનીના કોઇ અમલદાર, એજંટ અથવા નોકર વીગેરે કોઇ પણ માણસને કોઇ પણ જાતની લાગત, ખર્ચ યા બક્ષીસ વીગેરે કાંઇ લેવાનો હક નથી અને તે વિરૂદ્ધ વર્તનારનુ કૃત્ય ગુન્હો ગણવામાં આવશે.

૩૬ ઉપર કહેલા તથા આગળ ત્રીજા, ચોથા અને પાંચમા વિભાગમાં જે જે નિયમો કરવામાં આવ્યા છે તેમાં અનુકુળતા પ્રમાણે અમને તથા આગળ ઉપર જે જે વ્યવસ્થાપક જે જે વખતે કામ કરતા હોય તેમને યોગ્ય ફેરફાર કરવાનો યા કમીજાસ્તી કરવાનો સંપુર્ણ અધિકાર છે પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે-તેવા જે તે ફેરફાર ચાલુ કરવાની તારીખ મુક-

રર થઈ હોય તે પહેલાં જે તે વખતે દાખલ થએલા મેમ્બરને પોતે દાખલ થતી વખતે જે નિયમ ચાલુ હશે તેજ છેવટ સુધી તેને લાગુ થશે. (એટલે મેમ્બર દાખલ થયા પછી થએલો ફેરફાર તેને લાગુ થશે નહીં.)

૩૭ જે મેમ્બર પોતાના સિવાય બીજા દસ મેમ્બર મેળવી આપશે તેને આ ફંડનો કાયમનો એજંટ નીમવામાં આવશે અને તેને કમી થતાં સુધી બીજો એજંટ તેને નક્કી કરી આપેલી હદમા નીમવામા આવશે નહીં.

૩૮ આગળ કહ્યા પ્રમાણે મેમ્બરો પૈકી યોગ્ય ઇસમો જે ઓડીટર નીમાશે તેઓ આ ફંડના તમામ હીસાબ ઉપર દેખરેખ રાખશે અને હીસાબની બાબતમા કોઈને કાંઇ શક પડયેથી તેઓ મારફત પોતાની ખાત્રી કરી લેવાનો પ્રત્યેક મેમ્બરને અધિકાર છે ઓડીટરોએ વાર્ષીક હિસાબ તપાસી પાસ કર્યા બાદ મેમ્બરોમાં જાહેર કરવામા આવશે અને તેમાં નીકળેલા ચોખ્ખા નફામાથી યોગ્ય ભાગ મેમ્બરોને જે તે સાલમાં નફો (બોનસ) વહેંચી આપવામાં આવશે.

વીભાગ ૩ જો.

કોઠો નીશાની (અ) કોલમ બાબત.

૩૯ વીમો ઉતરાવેલા બાળકને દાખલ થતી વખતની ઉમરના પ્રમાણમાં વીમાના પ્રત્યેક રૂ. ૧૦૦) સોના હીસાબે (જુદા જુદા ૪ રેટ પૈકી કોઇ પણ માત્ર એકજ રેટ ભરવો)

ઉમર	માસીક	ત્રૈમાસીક	૬ માસીક	વાર્ષીક
૧	૦-૨-૩	૦-૬-૬	૦-૧૨-૬	૧-૮-૦
૨	૦-૨-૬	૦-૭-૩	૦-૧૪-૩	૧-૧૧-૦
૩	૦-૨-૯	૦-૮-૩	૧-૦-૦	૧-૧૪-૦
૪	૦-૩-૦	૦-૯-૦	૧-૧-૬	૨-૧-૦
૫	૦-૩-૬	૦-૧૦-૦	૧-૩-૬	૨-૪-૦
૬	૦-૪-૦	૦-૧૧-૬	૧-૬-૬	૨-૧૦-૦
૭	૦-૪-૬	૦-૧૨-૬	૧-૮-૬	૩-૦-૦
૮	૦-૫-૦	૦-૧૪-૩	૧-૧૨-૦	૩-૬-૦
૯	૦-૫-૬	૧-૦-૦	૧-૧૫-૬	૩-૧૨-૦
૧૦	૦-૬-૩	૧-૨-૬	૨-૪-૬	૪-૫-૦
૧૧	૦-૭-૦	૧-૪-૦	૨-૮-૬	૪-૧૪-૦
૧૨	૦-૭-૯	૧-૬-૬	૨-૧૨-૬	૫-૭-૦
૧૩	૦-૮-૩	૧-૮-૬	૩-૦-૬	૬-૦-૦
૧૪	૦-૯-૩	૧-૧૧-૬	૩-૬-૬	૬-૧૦-૦
૧૫	૦-૧૧-૯	૧-૧૫-૬	૩-૧૪-૦	૭-૧૧-૦
૧૬	૦-૧૨-૬	૨-૪-૦	૪-૭-૦	૮-૧૩-૦
૧૭	૦-૧૪-૩	૨-૧૦-૬	૫-૩-૦	૧૦-૮-૦
૧૮	૧-૧-૩	૩-૩-૦	૬-૪-૦	૧૨-૪-૦
૧૯	૧-૪-૬	૩-૧૩-૦	૭-૯-૦	૧૫-૦-૦
૨૦	૧-૯-૩	૪-૧૧-૦	૯-૫-૦	૧૮-૮-૦

* પસંદ થયા પછી બાળકની ઉમર વધવાથી ફીમાં ફેર પડશે નહી (જુઓ કલમ ૧૫-૧૬)

વિભાગ ૪ થો.

વ્યવસ્થાપક અને તેની સત્તા.

૪૦ આ ફંડ માટે (માસીક) બની દોલતરામ પ્રાણશંકર છે તેમને

આ ફંડના નિયમને અનુસરીને કામ કરવાને સારૂ વ્યવસ્થાપક ઠરાવવામા આવે છે અને તેઓ ફંડનો હેતુ બરાબર સચવાય અને મેમ્બરનુ હીત થાય એ હેતુને વળગી રહી નિયમને અનુસરીને આ ફંડ બાબતના નાણા વીગેરે જે આવશે તેનુ વ્યાજ વીગેરે ઉત્પન્ન કરવા સારૂ અથવા અનામત રાખવા યા તેની વ્યવસ્થા કરવા વીગેર સારૂ અને ફંડ મજકુરનો બરાબર હીસાબ અને વ્યવસ્થા નિયમીત રહેવા સારૂ જરૂર પુરતાનો કરાયાત અથવા ભાડુતી (ટેમપરારી) માણસો રાખીને તથા એક ઓફીસ ઠરાવીને યોગ્ય વ્યવસ્થા કરશે અને આ ફંડ સબંધે જે કાંઈ ખર્ચ થશે તે સઘળુ ફંડની મિલકતમાથી મજરે લઈ શકશે

૪૧ વળી જરૂર પડે તે તે ઠેકાણે એજંટો અને નોકરો રાખીને ફંડનુ તથા તે નાણાની વ્યવસ્થાનુ કામ કરશે અને બીજાને અધિકાર આપીને તેમની પાસે પણ તેવુ કામ કરાવી શકશે અને ઉપર પ્રમાણે જે તે ખર્ચની વ્યવસ્થા થશે

૪૨ ફંડ મજકુરના નાણાથી ઉપર પ્રમાણે વહીવટ કરતા મુસાફરી, ખર્ચ, ભાડુ, કારીગરી વીગેરે પોતાને તથા જેને ઉપર પ્રમાણે અધિકાર હશે તેને મજરે આપી તે સઘળા ખર્ચનો હીસાબ રાખી ચ્પાવી શકશે

૪૩ ઉપર પ્રમાણે વહીવટ કરતા છતા જે વર્ષમા રૂ ૧૦૦) સો અગર તેથી ઓછા ચોખ્ખો નફો રહેશે ત્યા સુધી તે વ્યવસ્થાપક પોતેજ લેશે અને તેથી વધારે નફો જે સાલમા રહેશે તેમાથી સેકડે ૭૫ પચોતેર ટકા મુજબ વ્યવસ્થાપક નફો લેશે પણ એ રીતે રૂ ૧૦૦) પુરા કરી બાકી રહેશે તેની બીજી વ્યવસ્થા થશે પણ સો રૂપિયાથી કામ ઓછો નફો મુદ્દલજ હશે તો તે કોઈપણ ખાતેથી અખોરી આપવામા આવશે નહીં

૪૪ સ્વરસ્થ જાની દોલતરામ પ્રાણશંકરને તથા તેમના કાશીશ્વર

વારસોને પણ વંશ પરંપરા આ ફંડના વ્યવસ્થાપક નીમવામાં આવ્યા છે. અને ઉપર પ્રમાણે ઠરાવ્યા પૈકી કાંઇ પણ ફેરફાર સિવાય તેઓ પૈકી જે વખતે જે કામ કરેલા હશે તેમને મેહેનતાણું લેવાનો સ્વતંત્ર હક છે.

૪૫ જાતી દોલતરામ પ્રાણશંકર પોતે અગર તે જગોએ જે વખતે જે કામ કરતો હોય તે પોતાના હોદ્દાનુ કામ કરતા દરમિયાન કોઇ પણ વખતે ફંડનાં નાણાં ઉચાપત કરવાનો યા કલમ ૩૫ નો અનાદર કરવાનો ગુન્હો કરશે અને તે ગુન્હો તેના ઉપર સાબીત થશે તો તેજ વખતથી કલમ ૪૪ મુજબનો તેનો પોતાનો અને તેમના વંશ પરંપરાનો ઉપરની જગાનો હક ખોવો પડશે.

૪૬ કલમ ૪૫ પ્રમાણે જે શખસે તે હક ખોયો હશે તે શખસના હયાતી સુધી માત્ર તેને મળવાના મેહેનતાણાના હીસાબનો ૄ ભાગતે જગોએ કામ કરવાનો બાયલા શખસને આપવાની રકમ માંથી કાપીને ફંડના ઓડીટરો પગારે આપશે અને તે શખસના મરણ પછી તેમના વંશ વારસને કાંઇ પણ હક યા રકમ કાંઇ પણ મળશે નહી.

૪૭ કલમ ૪૪ પ્રમાણે કામ કરનાર યા તેના વંશજ પૈકી કલમ ૪૫ મુજબનો ગુન્હો થયા પહેલા કામ કરનારની અશક્તતા વગેરે કારણે પોતાની મરજી મુજબ હરકોઇ શખસને પોતાની જગાનું કામ કરવાના કેટલાક અધિકાર આપી પોતાના જોખમ ઉપર તેનુ મેહેનતાણું અને તે નાલથુ થતા કામની જવાબદારી રાખી પોતાનું કામ કરાવી શકશે પણ તે મુળ વ્યવસ્થાપકના મરણ થયા પછી તે તેનો યોગ્ય વારસ ન હોય તો તેને તે કામ ઉપરથી ખસેડી શકાશે પણ વારસો પૈકી કોઇ લાયક ન હોય યા કોઇ સુધી ન હોય તો તેમની સંમતીથી યા તેઓને કાંઇ ભાગ કરાવી તે તેનો તે શખસ તે કામ ઉપર કાયમ રહી શકશે.

૪૮ ઉપર પ્રમાણે બીન હકદાર નીમાએલો વ્યવસ્થાપક વંશ પરંપરાનો હક ધરાવી શકનો નથી; પરંતુ લાગટ બાર વર્ષ સુધી આ કામ જે ઇસમે ઉપરની રીતે પણ કર્યું હશે અને તેટલી મુદત સુધી પણ મુળ વ્યવસ્થાપક તરફથી કોઇ લાયક ઇસમ જાતે કામ કરવા અશકત હશે તો તેને પ્રથમ હકદાર ગણવામા આવશે. અને તેટલી મુદત પછી વગર કામ કર્યે મૂળ વ્યવસ્થાપકના વારસોને કાંઇ હક યા ફાયદો મળશે નહી

૪૯ મુળ વ્યવસ્થાપક પોતાની જગોનું જાતે કામ કરતાં દર્મીયાન ગુજરી જાય તેથી અગર બીજા કોઇ પણ કારણે આ જગોના હકને માટે તેમના વારસોમાં તકરાર થાય ત્યારે સરકારી કાયદા પ્રમાણે તેના મુખ્ય વારસનો પ્રથમ હક છે એમ સમજવુ અને કામ કરવાને તે અશક્ત હોય તો કલમ ૪૭ અને ૪૮ નેઅનુસરતા પોતાને મળેલા હિસ્સામાં સર્વનો હક છે અને પોતે કામ કરે તો તેને મળવાના મેહેનતાણા ઉપર તેનો એકલાનો સ્વતત્ર હક છે.—

૫૦ મુળ વ્યવસ્થાપક પોતાની પાછળ કામ કરવા પોતાના ગમે તે વારસને નક્કી કરી ગયો હશે તો તે જઇસમ આ જગોનુ કામ કરશે અને મેહેનતાણું પણ પોતે એકલો લેશે.

૫૧ કલમ ૪૮ મુજબ લાબી મુદતના હકથી લાયક થએલો વ્યવસ્થાપક કાયમને માટે નીમાતી વખતે યા કલમ ૪૫ પ્રમાણે કારણ બનવાથી કોઇ નવાજ માણસને આ જગો એ નીમતી વખતે મેહેનતાણા માટે ઠરાવેલા હકમાં કાંઇ ફેરફાર કરવાની તથા તેની પાસેથી યોગ્ય રકમના જામીન માગવા યા રોકડ રકમ અનામત મુકાવવા તથા યોગ્ય સોગન નામું લેવરાવવાની મેમ્બરોની કમીટીને સત્તા છે.

૫૨ ઉપરનાં કારણ બાર મેમ્બરોની કમીટી મેળવ્યા સિવાય તેની નીમનોક થશે નહી.

વિભાગ ૫ મો.

એજંટો, ઓડીટરો અને હીસાબ બાબત.

૫૩ આ ફંડના મેમ્બરો અને બીજા લોકોથી નાણાં અને બીજો વ્યવહાર ચલાવવા સારૂ જ્યાં જ્યા જરૂર પડશે ત્યા ત્યા એજંટો નીમવામા આવશે.

૫૪ એજંટ થવા ઇચ્છનારે કલમ ૩૭ ને અનુસરી પોતે પોતાને પગે ચાલીને વધારેમા વધારે ચોવીસ કલાકમાં જેટલી હદમા ફરી આવી યોગ્ય ખબર લાવવા યા પહોચાડવા સત્તા ધરાવતો હોય તે પૈકી ગમે તેટલી હદમાં પોતાને એજંટ નીમવા સારૂ હેડ ઓફીસે માગણી કરવી જેથી નિયમને અનુસરીને યોગ્ય ચોકસી કરી તેને એજંટ નીમવાની વ્યવસ્થાપક તરફથી તજવીજ થશે.

૫૫ આ ફંડમાં મેમ્બર મેળવવા તથા તેની ફી વસુલ કરી આપવાના કામ બાબત તેને દાખલ ફીમાથી સેકડે પચીસ ટકા અને કોલ ફંડ વીગેરે બીજા ઉત્પન્ન ઉપર સેકડે ત્રણ ટકા મુજબ કમીશન આપવામાં આવશે.

૫૬ એજંટને નીમી આપેલી હદમાથી પણ અમારી માર્ફત સબંધ રાખશે તે મેબર અને તેની હદનો મેમ્બર પણ જ્યારે બીજી હદમા જઇ રહેશે તે તેની માર્ફતનો મેમ્બર થએલો હશે તો પણ તેવા મેમ્બરોથી ઉત્પન્ન થનારી રકમ ઉપર તેને કાંઇ કમીશન મળશે નહીં. પરંતુ બીજાની હદમાથી તેની હદમા આવવાથી પોતે જે રકમ વસુલ કરી મોકલશે તેનુ કમીશન તે રકમ વસુલ કરનારને મળશે.

૫૭ કલમ ૫૫ મુજબ મેમ્બર બાબતના કમીશન ઉપરાંત આ ફંડના નાંણાંની વ્યવસ્થા વીગેરે સબંધમાં જે એજંટ માર્ફત જે નફો ફંડ મજકુર ખાતે ચોખ્ખો મળશે તેમાંથી સેકડે એક ટકા પ્રમાણે તેને નફો આપવામાં આવશે.

૫૮ એજન્ટે પોતાની એજન્સીની નીમેલી હદ દર્મિયાન વખતો વખત હેડ ઓફીસથી આપવામા આવતી ખબરો વીગેરે જે તેને વખતસર પહોંચાડવી જોઇએ અને માગવામા આવે તે તે હકીકતો તેજ પ્રમાણે મેળવી આપવી જોઇએ એ તેની ખાસ ફરજ છે.

૫૯ હેડ ઓફીસ સાથે એજન્ટને થતો પોષ્ટ ખર્ચ મજરે આપવામા આવશે

૬૦ એજન્ટે પોતાની પાસે કોઇપણ વખતે રૂ ૨૪-૧૫-૧૧ થી વધારે સિલીક પોતાની પાસે રાખવી નહીં.

૬૧ આ ફંડની હેડ ઓફીસ અને એજન્ટો તથા બીજા કોઇ પણ અમલદાર અને દલાલો વીગેરે સાથે આ ફંડના વ્યવહારના ચાલુ હીસાબ અને વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવા નીમાયલા ઓડીટરો મુખત્યાર છે

૬૨ આ ફંડની શરૂઆતથી છ માસ દર્મીયાન થએલા મેમ્બરોની એક અસાધારણ જનરલ મીટીંગ ભરવામાં આવશે અને તે વખતે આ નિયમો બરાબર રીતે સમજાવવામાં આવશે અને મેમ્બરો પૈકી યોગ્ય એવા બેઇસમોને ઓડિટર (હિસાબ તપાસનાર) નીમવામા આવશે અને તેઓ ચાલુ (શરૂઆત) વર્ષ આખર સુધીનો હિસાબ તપાસી ને પ્રસિદ્ધ થવા જાહેર મીટીંગ થતાં સુધી પોતાના તે હોદ્દાનુ કામ કરશે અને તે જનરલ મીટીંગમા પોતાના અનુભવનો એક રીપોર્ટ તૈયાર કરી મીટીંગ વચ્ચે વાચી સંભળાવશે અને પોતાની તે જગાનો હક રાજી ખુશીથી છોડશે—અને તેજ મીટીંગ વખતે બીજા બે યોગ્ય ગ્રહસ્થોને નવા વર્ષ માટે ઓડીટર નીમવામા આવશે.

૬૩ રીટાયર થએલા ઓડીટરોને પણ ફરી નીમવા હરકત નથી. અને જે મીટીંગમાં નવી સાલ માટે બીજા ઓડીટરો નહીં

નીમાયનો તેના તેજ ઓડીટરો આગળ નવા વર્ષમાં તે જ-
ગાનુ કામ કરશે

૬૪ કોઈ ઓડીટરના ગુજરવા વીગેરે કારણે ઓડીટરની ખાલી પ-
ડેલી જગા વ્યવસ્થાપક અને હયાત ઓડીટર મળી પુરી શકશે
પણ મેમ્બર સિવાયના ઇસમને ઓડીટરની જગોએ નીમવામા
નહી આવે.

૬૫ ઓડીટરો પોતાની નજરે ચડેલી ચુકો યા અવ્યવસ્થા વ્યવસ્થા-
પકને જાહેર કરશે અને તે બદલ જોઇતો સુધારો વ્યવસ્થાપક
કરશે પરંતુ વ્યવસ્થાપકનીજ ચશ્મપોશીથી થએલી ચુક યા
અવ્યવસ્થા ઓડીટરને જણાઇ આવશે તે વખતે જનરલ મી-
ટીંગ ભરી તેમાં તે વીગતવાર જાહેર કરવા ઓડીટરોને સત્તા છે

૬૬ ઓડીટરોનુ મેહેનતાણુ જે મીટીંગમાં તેમની નીમનોક થશે તે
તેજ મીટીંગમાં નક્કી કરવામાં આવશે

૬૭ ફંડમા દાખલ થએલા મેમ્બરો પૈકી ૨૦ મેમ્બરો મળી ઓડીટરોને
લખીને કોઇ પણ કારણસર મીટીંગ મેળવવાનું માગણું કરશે
અને તે મીટીંગના ખર્ચ નો યોગ્ય બંદોબસ્ત અરજદારોથી
થશે તો ઓડીટરો તે બંદોબસ્ત કરી આપશે પણ કદાચ ઓ
ડીટરો તેમ કરવામાં ગફલત કરે તો તેટલાજ મેમ્બરો મળી
હેડ ઓફીસના મુકામે અગર હેડઓફીસ વાળા ગામમાં બીજે
કોઇ પણ ઠેકાણે મીટીંગ મેળવવાની જાહેર તજવીજ કરી શકશે

૬૮ ઉપરની રીતે ઓડીટર થી યા મેમ્બરોથી મેળવવાની મીટીંગ
બદલ ઓછામાં ઓછા ચૌદ દીવસ અગાઉ દરેક મેમ્બરને, એ
જન્ટને ઓડીટરને તથા હેડ ઓફીસે નોટીસ મોકલાવવી જો
ઇએ અને હેડ ઓફીસની હદમાં પ્રસિદ્ધ થતાં પત્રો યા એકાદ
પત્રમાં પણ તે નોટીસ છપાઈ બહાર પડવી જોઇએ,

૬૯ વાર્ષીક હીસાબ ઓડીટરોએ તપાસ્યા વગર અને તે જાહેર વાર્ષીક મીટીંગમાં પાસ થયા વગર વ્યવસ્થાપક અને ઓડીટરોના મહેનતાણાનું ખર્ચ પડી શકશે નહી.

૭૦ કલમ ૪૩ મુજબ વાર્ષીક નફામાંથી વ્યવસ્થાપકનો હિસ્સો જતાં બાકી જે રકમ (નફો) રહે તેની નીચે મુજબ વ્યવસ્થા કરવી

क ઉપર મુજબ બચત રહેલી રકમના સેકડે ૫૦ પચાસ ટકા જે તે વખતના હયાત મેમ્બરોએ જે તેણે ઉતરાવેલા વીમાના પ્રમાણમા બોન્સ તરીકે વહેચવા

ख ૨૫ ટકા જેટલી રકમ (આકસ્મીક ખર્ચ માટે ફંડ મજકુરના રીઝર્વ ફંડ ખાતે અનામત જમે રાખવી

ग ૫ પાચ ટકા જેટલી રકમ એજટોમાં જે તેની મારફતના મેમ્બરોની સખ્યાના પ્રમાણમા વહેચી આપવી

घ ૧૦ ટકા ધર્માદા ખાતે ખર્ચવામાં કાઢવી અને

ङ ૧૦ દસ ટકા જેટલી રકમ કીરકુલ દેનગી અને દેશ હિત કાર્યમા વાપરતા જવી

વિભાગ ૬ ઠો.

વાસ્તવીક ખર્ચ વીગેરે પરચુરણ બાબત.

૭૧ આ ફંડના માલીક, વ્યવસ્થાપક, તથા એજંટ અને બીજા અમલદાર અથવા તે સઘળાઓના વારસને તથા વસીયતનામુ ચલાવનારાઓને અને વકીલ યા વહીવટદારોને ફંડ મજકુર તરફથી બાલ ધરી (હામી) અગર ખાત્રી આપવામાં આવે છે કે તેમણે અગર તેમાંના કોઇએ આ ફંડના એવા અમલદાર અથવા નોકર તરીકે અથવા ફંડમા પોતાના હોદ્દાનું કામ કરવામા શુદ્ધ બુદ્ધિથી જે કામ કર્યું હશે અથવા કરાર કર્યો હશે તે કારણથી તેમને માથે કાંઇ ખરચ અથવા નુકશાન

પડશે તો તે ખરચ અગર નુકશાન તેમને આ ફંડની મિલકત-માંથી આપવું અને તે ખરચ અગર નુકશાનની રકમ જેને માટે આ હામી આપવામાં આવે છે તે રકમ માટે આ ફંડની મિલ્કત ઉપર પ્રથમ હકક ગણાશે

૭૨ આ ફંડ ઉપર જે તે વખતના નિયમને અનુસરીને લેહેણું થએલી જવાબદારી ચુકવવાની શક્તિ ન હોય ત્યારે અથવા વ્યવસ્થાપકને આ ફંડનુ કામ આગળ ચલાવવુ વ્યાજબી ન લાગે ત્યારે આ ફંડનુ કામકાજ આટોપી બંધ કરવામા આવશે

૭૩ ફંડ ઉપર આવેલી જવાબદારી ચુકવવાની શક્તિ નથી એમ નીચેના કારણો બને ત્યારે સમજવુ.

क વ્યાજબી રીતે આ ફંડ ઉપર કોઇપણ શખ્સનુ પાચસે રૂપિયા કરતા વધુ લેહેણુ થયુ હશે અને તેની મુદત પાકી ગઇ હશે છતા સબબ વગર તેને તે અદા કરવામા ઢીલ થયાથી તે લહેણી રકમ વસુલ આપવા લેહેણદારે લેખી ચીઠી યા નોટીસથી આ ફંડની હેડ ઓફીસે માગણુ કયા છતા તે તારીખથી વધારેમાં વધારે ત્રણ અઠવાડીયા સુધી પણ તે રૂપિયા આપવામાં ગફલત થઇ હોય અથવા લેહેણુદારનુ વ્યાજબી રીતે મન માને તેમ તે રૂપિયા બાબત ખાત્રી કરવાની અથવા તે રૂપિયા બાબત તોડ જોડ કરવાની ગફલત કરી હોય ત્યારે અથવા

ख આ ફંડના કોઇ લેહેણુદારે ફરિયાદ કર્યાથી કામ ચાલી કોર્ટે લહેણુદાર તરફનું કરેલુ હુકમનામુ બજાવવાનો હુકમ થયાથી તે બજાવતા તે બધી અથવા થોડી ઘણી પણ ભરપાઇ થયા વગર પાછુ ફરે ત્યારે

૭૪ ઉપરના યા બીજા હરકોઇ કારણે ફંડનું કામ આટોપી બંધ કરતાં ફંડ મજકુરની મિલ્કતની નીચે મુજબ વ્યવસ્થા થશે.

क મેમ્બરોની જનરલ મીટીંગ ભરી તેમાં ફંડનું કામ આટોપી બંદ કરવાનું કામ શરૂ કરવાની અમુક તારીખ મુકરર કરવામાં આવશે અને તે તારીખ સુધીમાં અગર ત્યાર પછી ત્રણ માસ સુધીમાં વીમાના હકદાર થતા બાળકોને ફંડનો થએલો હક પુરેપુરો પ્રથમ અદા કરવામાં આવશે પણ બરાબર રીતે હક થતા દરમિયાન લેવાના બાકી રહેતા કોલની રકમ કાપી લેવામાં આવશે

ख ઉપર મુજબ હકદાર થએલા મેમ્બરોના બાળકોના હક ચુકવી આપ્યા બાદ વ્યવસ્થાપક સિવાય તમામ અમલદાર, એજન્ટ, નોકર યા બીજા કોઇપણ ઇસમનું ફંડ મજકુર તરફ નીકળતુ લેહેણુ ચુકવી આપવુ.

ग ઉપર મુજબની સઘળી વ્યવસ્થા કંપનીના ચાલુ ફંડમાથી કરવી અને તેમા બાકી રહેલી રકમ હોય તો તેમાથી અગર ગેરંટી ફંડમાથી જોઇતી રકમ ઉમેરીને પણ ચાલુ મેમ્બરો તરફથી પોતે ઉતરાવેલા વીમા બાબતમા કોલની ભરેલી મુદ્દલ રકમ પુરેપુરી પરત આપવી

घ નીશાની **ग** મુજબની વ્યવસ્થા ચાલુ ફંડમાથી થઇ રહે અને તેમ કરતા ગેરંટી ફંડમાથી કાઇ ઉપાડવુ ન પડે તો ચાલુ ફંડનો વધારો પણ મેમ્બરોમાંજ જે તેણે ઉતરાવેલા વીમાના પ્રમાણમાં વહેંચી આપવો તથા નીશાની **ग** ની વ્યવસ્થા કરવામાં ગેરંટી ફંડમાથી કાઇ ઉપાડવુ પડયુ હોય તો તે જતા અને તેમ ન થયુ હોય તો આખા ગેરંટી ફંડની વ્યવસ્થા કલમ ૪૩ અને ૭૦ ને અનુસરીને કરવી અને તેમા ગેરંટી ફંડ ખાતે કાડવા માટે જે રકમ કાડવા લખેલુ છે તે ફંડનુ કામ આટોપી બંધ કરવાના સઘળા ખરચમા વાપરવી અને તેમ કરતાં કાંઇ વધારો રહેતો ધર્માદા

ખાતે વાપરવી અને ઘટે તો તેજ મુજબના હીસાબે સર્વે ખાતેથી મજરે લેવા તજવીજ કરવી.

૭૫ હરકોઇ મેમ્બરને કોઈ ખબર આપવાની તે તેણે છેવટ વ હીં નોંધાવેલા ઠેકાણાથી આપવામાં આવશે અને તેમ થ કોઇપણ કારણે તેને તે ખબર નહીં પહોંચતાની જવાબદા કોઇને શીર નથી.

૭૬ ઉપર મુજબની કોઇ પણ ઇસમ, યા મેમ્બરને અગર તેઓ તરફથી ઓફીસને કાંઇ નોટીસ યા કાગળ પહોંચાડવો હશે તો તે જે તેના નોંધાયલા બરોબર શી નામાથી ટપાલમાં નાખ્યો હતો એટલું સાબેત થશે તો તે પ્રથમ દર્શનીક પુરાવો ગણવામાં આવશે પણ મુદ્દાના તેવા કાગળો રજીષ્ટર કરીનેજ મોકલવાનો વહીવટ રાખવો.

૭૭ ખુલાસો માગનારે ટીકીટ મોકલીને યા રીપ્લાય કાર્ડથી લખવાની ફરજ છે.

૭૮ નોટપેડ કાગળ લેવામાં આવશે નહી.

૭૯ કોઇ પણ કાગળનો લેખી જવાબ ન મળે તેણે હેડ ઓફીસે રૂબરૂ આવી ખુલાસો કરી જવો જોઇએ.

૮૦ આ શિશુરક્ષક ફંડનુ કામ તા. ૧ માહે જાનેવારી ૧૯૦૧ ને પોસ સુદ ૧૧ મંગળવાર સવંત ૧૯૫૭થી શરૂ કરવામા આવશે.

૮૧ મજકુર કલમ ૮૦ માં જણાવેલી તારીખે અગર તે પહેલા દાખલ થશે તેની દાખલ ફી નિયમમાં ર્ફીનો ૄ અને જાનેવારી આખર સુધીમા દાખલ થનારા પાસે ૄ અને જુન માસ આખર સુધી દાખલ થશે તેની પાસેથી ૄ લેવામાં આવશે.

૮૨ કલમ ૮૧ નો અમલ માત્ર શરૂઆતની(ઇ. સને ૧૯૦૧)સાલ માટેજ સમજવો.

જાહેર ખબર.

આ દેશમાં કોઈપણ ઠેકાણે રહેનાર સર્વે વેપારી, કારીગર, સાહુકાર, નોકરીઆત અને કંટ્રાક્ટરો તથા બીજા સર્વે લોકોને સહી કરનારની નમ્ર વિનતી છે કે—શહેર પાટણમાં ઘણા વ સ્થપાયેલ લીલામ ઓફીસમાં સર્વ પ્રકારની નવી અને જૂની ખાનગી વપરાશની અને વેપાર વીગેરેની સઘળી ચીજો તથા અને જંગમ મિલકતો પણ વાજબી કમીશનથી વેચી આપવાનું કામ

વળી દેશી-કારીગરીને ઉત્તેજનાર્થે તેવી પ્રકારના બનતા માલ વીગેરે માટે ખાસ કિફાયત રાખવામાં આવેલ છે.

૧ લીલામથી (હરરાજી કરીને) ૨ અનામત (હરરાજી સિવાય પણ ધણીએ ઠરાવી આપેલ કીંમતથીજ) ૩ ઓર્ડર (કોઇપણ વેપારી યા કારીગરને ત્યાંનો) વેપારનો માલ આખુ વેચાણ કરવા માટે કમીશનનો સ્પેશ્યલ દર ઠરાવીને વેચી આપવાનું તથા ઓર્ડર મેળવી આપવાનું તથા ન્યૂસો અને જાહેરાતો વહેંચવાનું કામ અહીં થાય છે.

અમોએ ઇ. સને ૧૮૯૭ થી ૧૯૦૩ સુધીના સાત વર્ષના કેલેન્ડર સાથે સરકારના કેટલાક નિયમો છપાવ્યા છે તે સર્વેની કીંમત માત્ર છપાઈ રાખેલી છે માટે તે મંગાવીને યા રીપ્લાય કાર્ડથી અથવા ટીકીટ મોકલીને પણ જોઈતો ખુલાસો મેળવવા તથા એક વખત પણ અમે કામ કરી જોવા સર્વેને ખાસ ભલામણ કરવામાં આવે છે.

☛ આ બુકમાં પ્રસિદ્ધ થએલા શ્રી શિશુરક્ષકના સરક્યુલરો વીગેરે આમ વર્ગમાં ફેલાવી સર્વે દેશી બંધુઓ યોગ્ય મદદ આપશો એવી આશા છે.

મુ. પાટણ **(ગુજરાત)** લીલામ ઓફીસ	**જાની દોલતરામ માણેશંકર** **શ્રી શિશુરક્ષક ફંડના વ્યવસ્થાપક** **અને માલીક,**